ધાનેરા તાલુકાના વાછ્ડાલ ગામે ખેતરમાં આગ લાગતા ૧૨ પશુ દાઝ્યા : ૪ ના મોત, ૮ ઘાયલ

ધાનેરા, તા. ૨૦

ધાનેરા તાલુકાના વાછ્ડાલ ગામે ખેતરમાં અચાનક આગ લાગતા

લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી તો આગમાં ૧૨ જેટલા પશુ દાઝી જતા લોકોમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે ૪ પશુના મોત પણ નીપજ્યા છે. જ્યારે અન્ય ૮ પશુ ગંભીર દાઝતા તેમની સારવાર ચાલુ કરી હતી. તો બીજી તરફ આગની જાણ તંત્રને થતાં તંત્રની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

ધાનેરા તાલુકાના વાછ્ડાલા ગામે રહેતા દેવાભાઈ સોમાભાઈ પટેલ ખેતી અને પશુપાલન કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાતન ચલાવે છે. આજે વહેલી સવારે દેવાભાઈ દૂધ ભરવા ગયા હતા તે સમયે પોતાના ખેતરમાં પશુ માટે બનાવેલા છાપરામાં અચાનક આગ ભભૂકતા પરિવારજનો ભયભીત થઈ ગયા હતા. અને બુમાબુમ કરતા આજબાજુથી લોકો દોડી આવ્યા હતા અને આગ બુઝાવવાની કોશિશ કરવા લાગ્યા હતા. પંરતુ આગ કાબુમાં આવે તે પહેલા તો ૧૨ જેટલા પશુ આગમાં લપેટાઈ જવા પામ્યા હતા. જેમાં ૪ પશુના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૮ પશુ દાઝી જતા તેમની સર્વ ચાલુ કરી હતી. સમગ્ર ઘટનાની જાણ ધાનેરાને થતા ધાનેરા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સહીત પાંથાવાડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પરંતુ આગ લાગવાનુ સાચું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

પ્રાંતિજમાં આસામની જીતને વધાવવા આતશબાજી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો તથા હોદ્દેદારો દ્વારા આસામમાં થયેલ જીતના વધામણાં આતશબાજી દ્વારા કરવામાં આવી. પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે ભાજપ શહેર મંડળ તથા ભાજપ કાર્યકરો દ્વારા આસામ ખાતે થયેલ ભવ્ય વિજયને લઈને બસ સ્ટેન્ડ ખાતે એકત્રિત થઈને ભાજપ કાર્યકરો દ્વારા જીતની ખુશી વ્યક્ત કરી જીત ગયા ભાઈ જીત ગયા ભાજપવાલા જીત ગયાનાં નારા સાથે ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી જીતને વધાવી લીધી હતી. નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, શહેર પ્રમુખ આશીષભાઈ પટેલ, મહામંત્રી જીગ્નેશભાઈ પંડ્યા, જયેન્દ્ર સિંહ રાઠોડ, સતિષભાઈ પંડયા, નિત્યાનંદભાઈ, વિજયભાઈ શર્મા, મનોજભાઈ મોદી સહિત કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહીને ફટાકડા ફોડી જીતનાં વધામણાં કરી એક બીજાને જીતના અભિનંદન પાઠવ્યા હતા.

ભાભરમાં ચાઈનાના હોર્ન લગાડી ફરતા વાહનચાલકો સામે પોલીસની લાલ આંખ

ભાભર શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ચાઈનાના હોર્ન લગાડી ફરતા કુલ ૮ વાહનચાલકોને પકડી વાહનના હોર્ન દૂર કરી તમામ વાહન ભાભર પોલીસે ડિટેઈન કર્યા હતા. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુર્જરની સુચના હેઠળ ભાભર શહેરમાંથી ટ્રાફિકની સમસ્યા નિવારવા ભાભર પીએસઆઈ એ.પી. ચૌધરી અને સ્ટાફના માણસો સાથે કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે ભાભર ટાઉનમાં ટ્રાફિક કામગીરીમાં હતા ત્યારે ભાભર શહેરમાં અલગ અલગ વિસ્તારમાંથી ચાઈનાના હોર્ન લગાડી ફરતા કુલ ૮ વાહન ચાલકોને પકડી તમામના ચાઈના મેજીક હોર્ન સ્થળ પર જ કઢાવવામાં આવ્યા હતા અને તમામના વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા હતા. ચાઈનાના હોર્ન લગાડી ફરતા વાહનચાલકો સામે ભાભર પોલીસે લાલ આંખ કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

બડોદરા ગ્રામ પંચાયતના સરપંચપદેથી રંજનબા ઝાલા બરતરફ

તલોદ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના બડોદરા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ સાથે થયેલી અવિશ્વાસની દરખાસ્તને કારણે આખરે આજે સરપંચે આપોઆપ સરપંચ પદનો હોદ્દો ગુમાવવાની નોબત આવી પડી છે. પંચાયતના ૨/૩ સભ્યોએ સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપેલ હોઈ આ પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. જેથી સરપંચ પદેથી રંજનબા રંગુસિંહ ઝાલા દૂર થઈ ગયા છે. જેઓનો આજે ડે. સરપંચ ભૂપતસિંહ માનાસિંહ ઝાલાએ સંભાળવવાનો હૂકમ તલોદ તાલુકા વિકાસ અધિકારી કરેલ છે.

બડોદરા ગ્રા.પં.ના સરપંચ અંગેની હકિકત એવી છે કે, સરપંચ રંજનબા ઝાલા સાથે પંચાયતના સભ્યોએ તલાટી કમ મંત્રી શ્રીમતી જે.બી. કટારા દ્વારા અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. જેની ચકાસણી થતાં ગ્રાં.પં.ના કુલ સભ્યો પૈકી ૨/૩ સભ્યો સરપંચની વિરૂદ્ધમાં એટલે કે અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં હતા.

જેથી તા.વિ. અધિકારીને મળેલ સત્તાની રૂએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ કલમ-૫૬ (પ.ખ.) હેઠળ મિટીંગનો એજન્ડા કાઢવામાં આવ્યો હતો. જે એજન્ડા અન્વયે કામગીરી કરવા વિસ્તરણ અધિકારી (તા.પં.) તલોદને બડોદરા સરપંચ વિરૂદ્ધ આવેલ અવિશ્વાસની દરખાસ્ત બાબતે રાખેલ મિટીંગમાં હાજર રહી એજન્ડા મુજબ કામગીરી કરવા જણાવવામાં આવ્યું હતું. જે અન્વયે કામગીરી થતાં વંચાણે લીધેલ પત્ર નં. ૩ થી વિસ્તરણ અધિકારી પંચાયત દ્વારા સરપંચ વિરૂદ્ધ થયેલ કાર્યવાહીનો વિગતે અહેવાલ તા. વિકાસ અધિકારી-તલોદને કરવામાં આવેલ. જેમાં સરપંચ સાથે ૮ સભ્યો થતા હતા જેમાંથી પણ ૨ સભ્યો ગેરહાજર રહ્યા હતા. બાદ આંગળી ઉંચી કરી સરપંચ સામેની અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપવાની નોબત આવી હતી. જેમાં હાજર એવા ૫ સભ્યોએ ટેકો આપ્યો હતો. જ્યારે સરપંચ તરફ રંજનબા ઝાલાએ જ ટેકો આપેલ. પરિણામે સરપંચ સિવાય કુલ ૭ સભ્યો પૈકી ૨ ગેરહાજર રહેતા અને પાંચ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતાં આખરે બડોદરા સરપંચને સરપંચ પદ છોડવાની આમ નોબત આવી પડી છે. આ આખીયે નાટકીય ઢબે થયેલી ઘટના કચેરીઓમાં તથા પ્રજામાં ટોક ઓફ ધી ટાઉન બની છે.

મેઘરજમાં બાઈક હટાવવા બાબતે માર મારતા ફરિયાદ નોંધાઈ

મોડાસા, તા. ૨૦

મેઘરજમાં મંગળવારે રાત્રિના દસ વાગ્યાના અરસામાં ટેલીફોન એક્સચેન્જની સામે આવેલ સોડાની લારી આગળ બાઈક ખેસડી લેવાની સામાન્ય બાબતે બે યુવાનોને ગડદાપાટુનો માર મારી લાગણી દુભાવ એવા જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલતાં મેઘરજ પોલીસમાં એટ્રોસીટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાઈ હતી. રાત્રિના દસ વાગ્યાના અરસામાં વિજય કાન્તિભાઈ પરમાર તથા તેનો ફોઈનો દિકરો કિરીટ ધુળાભાઈ પરમાર બંને જણા રહે. રાયાવાડા તા, મેઘરજ બજાજ પલ્સર બાઈક નં. જીજે.૯.સીઈ.૨૪૧૮ લઈને મોડાસાથી તેમના રાયાવાડા ગામે જવા નીકળ્યા હતા. મેઘરજ પહોંચી ટેલીફોન એક્સચેન્જની સામે આવેલ સોડાની લારી ઉપર સોડા પીવા માટે ઉભા હતા તે દરમિયાન મેઘરજના બાબુ શીવાભાઈ, લાલા ખભરાટ રહિમભાઈ કોટાવાળાનો છોકરો તેઓ બધા પણ ત્યાં સોડા પીવા માટે આવેલા હતા. અને તેઓ વિજયને બાઈકને લઈ લેવાનું કહ્યું હતું. પરંતુ વિજયે જણાવ્યું કે હુ સોડા પીને ઘરે જવા માટે નીકળું છું. પરંતુ આ લોકો વિજયની વાત માનેલા નહી અને મા-બેન સામે બિભત્સ ગાળો બોલવા લાગ્યા હતા. વિજયને ગાળો બોલવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ જઈને વિજયની બાઈક નીચે પાડી લાકડીથી તોડફોડ કરવા લાગ્યા. વિજય આમ નહી કરવા કહેતા આ લોકોએ વિજય અને કિરીટ બંનેને ગડદાપાટુનો માર મારી જાતિ વિષયક અપમાનજનક અપશબ્દો બોલવા લાગ્યા હતા. આ અંગે મેઘરજ પોલીસે એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાભરનો તનવાડ-ઈન્દરવા માર્ગ પરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાભર નજીકના તનવાડ-ઈન્દરવા માર્ગ પરથી બાતમીના આધારે ભાભર પોલીસે બાતમીના આધારે ભાભર પોલીસે સ્પીસીયો ગાડીમાંથી રૂ. ૭૪,૪૦૦નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.

ધાનેરા તાલુકાના ધાખા ગામ પાસે બાઈક અને સ્વીફ્ટ ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવાર બે લોકોને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધાનેરા તાલુકાના ધાખા ગામ પાસે બાઈક અને સ્વીફ્ટ ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવાર પટેલ અણદાભાઈ ચેલાભાઈ ઉં.વ. ૨૮ રહે. ધાખા અને પ્રજાપતિ શારદાબેન બાબુબાઈ રહે. ધાખા ઉં.વ. ૪૦ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તો બીજી તરફ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડતા ટ્રાફિક જામ થવા પામ્યો હતો.

લીંબ ગામના યુવાનનું ઝેરી દવા ગટગટાવી લેતા સારવાર દરમિયાન મોત

તલોદ, તા. ૨૦

જંતુનાશક ઝેરી દવા ગટગટાવી ગયેલા બાયડ તાલુકાના લીંબ ગામના નવલોહીયા યુવાનનું આજે સારવાર દરમ્યાન તલોદ પંથકમાં કરૂણ મોત નિપજ્યું હતું. જેને ત્રણેક દિવસથી તલોદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેની તબિયત લથડતાં આજે તેને અમદાવાદ ઉચ્ચ દાકતરી સારવાર અર્થે ખસેડવાની તબીબની સલાહ મુજબ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનું માર્ગમાં જ એટલે કે તલોદના મહીયલ પંથકમાં જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું.

લીંબ ગામના રહીશ એવા યુવાન જિગ્નેશસિંહ જશવંતસિંહ ચૌહાણ (ઉં.આ. ૨૫) ત્રણેક દિવસ પૂર્વે કોઈ અગમ્ય કારણસર જંતુનાશક કાતિલ ઝેરી દવા ગટગટાવી ગયો હતો. મનાય છે કે તેણે અત્યંત ઝેરી મનાતી ફોરેટ દવા પી લીધી હતી. બાદ તેની હાલત કથળતાં તલોદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી આજે ત્રીજા દિવસે અમદાવાદ લઈ જવાની કામગીરી દરમ્યાન જ તે કણસતી હાલતમાં મોતને ભેટ્યો હતો.

વ્યાજખોરોના ત્રાસથી આકેડીના યુવકનો આપઘાત

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા-પાટણ જિલ્લામાં વ્યાજના ચક્કરમાં પિસાઈને અંતે કેટલાય લોકોના જીવનદીપ બુઝાઈ ગયાની ઘટનાઓ બની છે. સરકારી તંત્રની લાપરવાહીને કારણે વ્યાજખોરો નીતિનિયમોને નેવે મુકી લોકો પાસેથી ઉંચુ વ્યાજ વસુલી બરબાદ કરી રહ્યા છે. તગડુ વ્યાજ ભરવામાં અસમર્થ નિવડતા લોકોને આખરે ના છુટકે આપઘાતનો માર્ગ અખત્યાર કરવો પડે છે. ત્યારે પાલનપુર તાલુકાના આકેડી ગામના એક યુવાને વ્યાજખોરોની ધમકીઓથી જીંદગીનો અંત આણી દેતા પરિવારજનો નોંધારા બની ગયા છે.

પાલનપુર તાલુકાના આકેડી ગામના વતની અને ગામમાં પરચુરણનો વેપાર કરતા લલીતભાઈ મોઘજીભાઈ ઠક્કર (ઉં.વ.૪૨) સવારે ૮ વાગે પૈસા માટે બહાર જાઉ છુ તેમ કહીને નિકળ્યા હતા. બાદમાં ૧૦.૩૦ વાગે તેમના ભાઈ પર તેમણે ફોન કરી જણાવ્યું હતું કે હવે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગયો છું. હવે મારાથી આ સહન થાય તેમ નથી એટલે સેલફોસની ગોળી ખાઈ રાજપુરીયા નજીક એક પુલ પાસે હું આપઘાત કરી રહ્યો છું. તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. આથી તાબડતોબ પરિવારજનો પાલનપુર-આબુરોડ હાઈવે પર આવેલા રાજપુરીયા ગામના પુલ પાસે પહોંચ્યા હતા. જ્યાં લલીતભાઈ ઠક્કર ગંભીર હાલતમાં જોવા મળ્યા હતા. આથી તાત્કાલિક તેમને પાલનપુર ડૉ. સુરેન્દ્ર ગુપ્તાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમ્યાન તેમનું કરૂણ મોત થયું હતું. તેમની પાસેથી મળી આવેલ ચિઠ્ઠીમાં કડક ઉઘરાણી કરી માનસિક રીતે હેરાન કરનાર ઈસમોના નામ લખેલા હતા. પોલીસે મૃતદેહને પાલનપુર સરકારી હોસ્પિટલમાં પી.એમ. કરાવી વાલી વારસોને સુપ્રત કરી હતી. ઘરના મોભીએ આપઘાત કરી લેતા પરિવારજનોમાં ઉંડા આઘાતની લાગણી છવાઈ જવા પામી હતી અને પરિવારજનોના કરૂણ રૂદનથી ગમગીની છવાઈ જવા પામી હતી.

કડક ઉઘરાણી કરી ધાક ધમકીઓ અને પરેશાન કરતા આખરે સેલફોસની ગોળીઓ ખાઈ જીવનનો અંત આણ્યો

હેરાન કરનાર કથિત વ્યાજખોરો

વસંત દવે (જગાણા, તા. પાલનપુર)
ચંપક ચૌધરી (લુણવા, તા. પાલનપુર)
રાજુ ચૌધરી (જગાણા, તા. પાલનપુર)
સંજય ચૌધરી (જગાણા, તા. પાલનપુર)

તલોદ પી.એચ.સી.માં પી.એમ. માટે મૃતકના પરિવારોને પડતી ભારે હાલાકી

પ્રાંતિજ, તા. ૨૦

તલોદ ખાતે આવેલ પી.એચ.સી.માં હાજર તબીબની લાલીયાવાડીથી મૃતકના પી.એમ. માટે આવનારા સગાંસંબંધીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. અને હાજર તબીબી દ્વારા છેલ્લા કેટલાક સમયથી પી.એમ. માટે આવતા સગાંસંબંધીઓ જોડે તોછડુ વર્તનને લઈને આવા તબીબો ઉપર તંત્ર કાર્યવાહી કરે તેવી રાહ ઉઠવા પામી છે.

મળતી માહિતી મુજબ તલોદ ખાતે આવેલ પી.એચ.સી. કેન્દ્રમાં અકસ્માતમાં મૃત્યુ કે કોઈ અગમ્ય કારણોસર મૃત્યુ થતાં સગાંસંબંધીઓ દ્વારા મૃતકને પી.એમ. માટે લાવવામાં આવે છે ત્યારે હાજર તબીબી દ્વારા હમણાં હમણાં છેલ્લા ચાર મહિનાથી પી.એમ. અર્થે આવેલ મૃતકના સગાંસંબંધીઓને કડવો અનુભવ થયાના કિસ્સા બહાર આવે છે. ત્યારે બાયડના લીંબના સગાંસંબંધીઓને મૃતકના પી.એમ. માટે સાતથી આઠ કલાક મૃતદેહને લઈને બેસી રહેવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર દ્વારા એક બાજુ દવાખાનાની બહાર મોટા અક્ષરોમાં બોર્ડ લગાવવામાં આવ્યા છે કે આ દવાખાનામાં દિવસે અને રાત્રે પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. ત્યારે તલોદ પી.એસ.સી. દ્વારા આ બોર્ડ ખાલી હાલ તો શોભાના ગાંઠીયા સમાન હોય તેવું લાગી આવે છે. અને હાજર તબીબી ડૉ. તબીયાર હિતેષ દ્વારા મૃતકના પરિવારને સ્ટાફ નથી, પટાવાળો નથી, ભંગી નથી અને ડૉક્ટર પણ પ્રાંતિજમાંથી બોલવાવવા પડશે તમારે મૃતદેહ લઈ જવો હોય તો લઈને જાવ તેવા વાહિયાત સવાલ-જવાબો કરી માત્ર કલાકે અડધો કલાકના પી.એમ. માટે આખો દિવસ મૃતકના પરીવાર અને સગાસંબંધીઓને બેસાડી રાખે છે અને ખોટી રીતે હેરાન કરવાની રાહ હાલ તો મૃતકના પરિવાર દ્વારા ઉઠવા પામી છે. ત્યારે આવા તબીબીઓ ઉપર તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહી કરવામાં આવે તો કદાચ પી.એમ. અર્થે આવેલ સગાંસંબંધીઓનો પારો ગરમીમાં આવા તબીબી ઉપર તપે તો નવાઈ નહી. ત્યારે હાલ તો તલોદ પી.એચ.સી.માં પી.એમ. અર્થે આવેલ સગાં સંબંધીઓને દેહદજાડતી ગરમીમાં પાંચ થી છ કલાક બેસી રહેવાનો વારો આવ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આવા તબીબો ઉપર સત્વરે પગલા ભરે તેવું હાલ તો આ પંથકના લોકો જણાવી રહ્યા છે.

ડૉક્ટરની મનમાની પી.એમ. સમયસર ન કરતા મૃતકના પરિવારોને પરેશાનીઓનો સામનો કરવો પડે છે

અરવલ્લી જિલ્લાના તાપમાનનો પારો ૧.૫ ડિગ્રી ગગડતા ગરમીથી આંશિક રાહત

જિલ્લાનું તાપમાન ૪૪.૫ ડિગ્રી : સવારે વાદળછાયુ વાતાવરણ : વૈશાખી વાયરાથી રાહત અનુભવતા પ્રજાજનો : ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન

મોડાસા, તા. ૨૦

વિશ્વભરમાં ક્યાલમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી પર્યાવરણીય મુશ્કેલીઓની ધીમી પણ કેવી જોખમી અસરો દુનિયાભરમાં થવાની છે તેનું ઉત્તમ ઉદાહરણ અત્યારે પડી રહેલી અતિશય ગરમી અને વાતાવરણમાં અનેકવાર પલટો જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા સપ્તાહથી ગરમીનો પારો ૪૬ ડીગ્રીની આસપાસ રહેતા જનજીવન અસ્તવ્યસ્ત બની ગયં હતું. ત્યારે શુક્રવારે સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હોય તેમ આકાશે વાદળો ઘેરાઈ આવતા અને વિખેરાઈ જતા તાપમાનમાં ૧.૫ ડિગ્રી જેટલો ઘટાડો થતા જિલ્લાના પ્રજાજનોએ આંશિક રાહત અનુભવી હતી.

અરવલ્લી જિલ્લામાં અગનતાંડવ જારી રહેતા ગરમીનો પારો દિવસે ને દિવસે ઉચકાતા ગરમીનો પારો રેકોર્ડ તોડી રહ્યો છે. છેલ્લા એકાદ સપ્તાહથી અરવલ્લી જિલ્લાના પ્રજાજનો કાળઝાળ ગરમીના કહેરનો ભોગ બન્યા હતા. સવારથી આભમાંથી અંગારા વરસતા લોકો ગરમીથી રીતસર તોબા પોકારી ગયા હતા. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૪૬ ડીગ્રીને પાર કરી જતા જિલ્લાના પ્રજાજનો ઘરમાં પુરાઈ રહ્યા હતા. પ્રજાજનો આગ દઝાડતી ગરમીથી બચવા માટે એસી, પંખા, એરકુલર સામેથી હટવા પણ તૈયાર નથી. શુક્રવારે જિલ્લાના પ્રજાજનોને કાળઝાળ ગરમીથી આગામી બે દિવસમાં રાહત મળશે તેવી આગાહી જિલ્લાના હવામાન વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ત્યારે શુક્રવારે મહદઅંશે હવામાન વિભાગના સૂત્રોની આગાહી સાચી પડતી હોય તેમ વહેલી સવારથી ૧૦ વાગ્યાની આસપાસ સુધી જિલ્લાના આકાશમાં વાદળ છવાયા હતા. જિલ્લાના આકાશમાં વાદળ છવાતા ગરમીનો પારો ગગડ્યો હતો. વૈશાખી પવનથી પણ જિલ્લાના પ્રજાજનોએ આંશિક રાહત અનુભવી હતી. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ગરમીનો પારો ગગડતા જનજીવન પૂર્વરત બન્યુ હોય તેમ બજારો ધમધમી ઉઠ્યા હતા. સતત દિવસ દરમ્યાન ધીમી ગતિએ પવનની હવા ચાલુ રહેતા મુખ્ય માર્ગો પર ધુળની ડમરીઓ ઉડતા વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થા સ્કાયમેટની આગાહી અનુસાર જિલ્લા અને ગુજરાત રાજયના વાતાવરણમાં મે મહિનાના અંત સુધીમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રી રહેશે.